# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM VIJAPUR CREDIT SOCIETY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , રાજ્યમાં હાલ કાર્યરત્ 90 હજાર જેટલી સહકારી મંડળીમાં એક કરોડ 71 લાખથી વધુ સભાસદ જોડાયેલા છે. મહેસાણામાં વિજાપુર ખાતે ધી સરદાર પટેલ સહકારી ધિરાણ સોસાયટી લિમિટેડના રજત જયંતી મહોત્સવની ઉજવણી નિમિત્તે આજે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી. શ્રી પટેલે કહ્યું , આજે ભારત સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને આ વર્ષને આંતર-રાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે ત્યારે આ રજત જયંતી મહોત્સવની ઉજવણી એક સુભગ સંયોગ છે.

(BYTE: BHUPENDRA PATEL, CM)

શ્રી પટેલે જનધન યોજનાને ઐતિહાસિક પગલું ગણાવતાં કહ્યું, તેના થકી 56 કરોડ જેટલા જનધન ખાતા ખોલાયા અને છેવાડાના લોકો સુધી બેન્કિંગ સેવાઓ પહોંચતા લોકોને ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર – DBT મારફતે વિવિધ યોજનાઓનો લાભ સીધો તેમના બેન્ક ખાતામાં મળી રહ્યો છે.

. . . .

# VIKAS SAPTAH STATE

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી હેઠળ વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં માણસા તાલુકાના મહુડી જૈનતીર્થ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીમાં ભાગ લીધો. તેમણે વિકાસરથનું પણ પ્રસ્થાન કરાવ્યું. તેમજ શ્રી પટેલે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા 20 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા નવા ચાર-માર્ગીય પીલવઈ-મહુડી માર્ગનું લોકાર્પણ કર્યું.

અરવલ્લીના મોડાસા શહેરી વિસ્તારોમાં વિકાસલક્ષી યોજનાઓના ખાતમુહૂર્ત કરાયા. દરમિયાન બૅન્કેબલ લૉન યોજનાના લાભાર્થીઓને લાભ અને પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજનાના કાર્ડનું વિતરણ કરાયું તેમ મોડાસા નગરપાલિકાના પ્રમુખ નીરજ શેઠે જણાવ્યું.

(BYTE: NIRAJ SHETH, PRAUKH, MODASA NAGARPALIKA)

કૃષિમંત્રી રાઘવજી પટેલે જામનગરના મોરકન્ડા ગામમાં એક કરોડ 10 લાખ રૂપિયાના ખર્ચ નિર્માણ પામનારા પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, આગામી સમયમાં રાજ્ય સરકારે એક હજાર નવા પશુ દવાખાના સ્થાપવાનો નિર્ણય કર્યો છે. તેના ભાગરૂપે, જામનગરમાં નવા 16 પશુ દવાખાનાનું નિર્માણ કરાશે.

છોટાઉદેપુર જિલ્લાના પાવી-જેતપુરના ડુંગરવાન્ટ ગામમાં જિલ્લા પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારની અધ્યક્ષતામાં રાત્રિ સભા યોજાઈ. તેમાં શ્રી પરમારના હસ્તે વિવિધ સ્વ-સહાય જૂથને એક લાખ 50 હજાર રૂપિયાના ચેક અને પ્રધાનમંત્રી આવાસ યોજનાઓના લાભાર્થીઓને ચાવીનું વિતરણ કરાયું.

. . . .

# SURENDRANAGAR SHOPPING FEST

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા ઝાલાવાડ ખરીદ મહોત્સવ સ્વદેશી મેળાનું આયોજન કરાયું છે. પતરાવાળી પાસે મેળાના મેદાન ખાતે આજથી શરૂ થયેલો આ મેળો 14 તારીખ સુધી ચાલશે. તેમાં જિલ્લા ગ્રામવિકાસ સંસ્થા , જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને મહાનગરપાલિકાના શહેરી સામૂદાયિક નિગમ વિભાગના સખી મંડળની બહેનોએ તૈયાર કરેલી હસ્તકળાની વસ્તુઓ , કોડિયા, દોરી ગૂંથણ, પ્રાકૃતિક સાબુ, આયુર્વેદિક તેલ સહિતની વસ્તુઓની 70 જેટલી હાટડી બનાવવામાં આવી છે.

. . . . . .

# BOTAD VEPARI MEETING

બોટાદમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMCના અધ્યક્ષના વડપણ હેઠળ સહકારી મંડળી અને વેપારીઓની બેઠક યોજાઈ. તેમાં ખેડૂતોના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું APMCના અધ્યક્ષ મનહર માતરિયાએ જણાવ્યું.

(BYTE: MANHAR MATARIYA, CHAIRMAN,
BOTAD MARKETING YARD)

. . . . . . . . . . .

# MEHSANA MARKET YARD

મહેસાણા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMC દિવાળી પર્વ નિમિત્તે આગામી 19-થી 26 ઑક્ટોબર સુધી બંધ રહેશે. ખેડૂતોને ખેતપેદાશો 27 તારીખથી લાવવા કહેવાયું છે. દિવાળીની રજાઓને લઈ માર્કેટ યાર્ડમાં દિવેલા , રાયડો, અડદ અને ઘઉં સહિતનું વેચાણ બંધ રહેશે. જોકે , હરાજીનું કામ પણ બંધ રખાયું હોવાનું APMCના અધ્યક્ષ જયંતી પટેલે જણાવ્યું હતું.

. . . . .